રજુ તારીખ :
દાખલ તારીખ :
ફેંસલ તારીખ :
અવધિ : વર્ષ માસ દિવસ.

**મહેરબાન અમદાવાદ (રુરલ)ના ચીફ જયુડી.મેજી. સાહેબની કોર્ટમાં**

**<u>ફોજ. કેસ નં. ૬૧૦૬ /૨૦૧૮</u>**

**આંક–**

**ફરીયાદી : સ ર કા ર શ્રી.**

**વિ રૂ ધ્ધ.**

**આરોપી : પ્રેમસીંગ દીલીપસીંગ જાદવ વત્તા ૨**

---

**ફરીયાદી તર્ફે વ.શ્રી એ.પી.પી. અને આરોપી તરફે વિ.વ.શ્રી**

---

**ગુનો : જુગાર ધારા ૧૨ મુજબ.**

**૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, :–**

**આરોપીએ** ચાર્જશીટમાં બતાવેલ સમયે અને સ્થળે પોતાના હવાલા વાળુ વાહન દારુ પી ને માણસની જીંદગી જોખમાય તે રીતે ચાલવી **જુગાર ધારા ૧૨ મુજબનો ગુનો કરેલ છે.**

**૨. ઉપરોકત ફરીયાદના કામે તપાસ મળતા ત.ક.અમલદારશ્રીએ તપાસ કરતા તેમજ સાહેદોના નિવેદનો નોંધતા અને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, અને તપાસ દરમ્યાન આ કામના આરોપી વિરૂધ્ધ ગુનો બનતો હોય આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.**

**૩. ત.ક.અમલદાર ધ્વારા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ થતાં આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીને સી.આર.પી.સી.ની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીની પ્લી લેતાં આરોપીએ તેમની સમક્ષનો ગુનો કબુલ કરેલ છે અને જણાવેલ છે કે, હમો ગરીબ માણસ છીએ, જેથી અમો આરોપીને ઓછામાં ઓછો દંડ કરી ગુનામાંથી મુકત કરવા અરજ ગુજારેલ છે.**

**૪. આરોપીની આર્થિક તેમજ સમાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.**

**–: આ ખ રી હું ક મ : –**

**દરેક આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે જુગાર ધારા ૧૨ મુજબના ગુનામાં આરોપીને તકસીરવાન ઠરાવી, રૂા. ૧૦૦/– અંકે રૂપિયા એકસો પુરાનો દંડ જો આરોપી દંડ ન ભરે તો દિન–પાંચ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. ૧૦૦×૩ – <u>૩૦૦</u> કુલ દંડ**

**ઉપરોકત ચુકાદો તા.** 22 મી જુલાઈ સને 2018 **ના રોજ જાહેર કર્યો.**

તારીખ : 22/7/2018.

મુકામ :અમદાવાદ

(વનરાજસિંહ આપાભાઈ ધાધલ)
કોડ નં. જી.જે.૦૦૮૯૧
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ (ગ્રામ્ય)